

# પરિષદવૃત્ત

સંકલન : અનિલા દલાલ

## શ્રી રતનજી માર્શલનું સન્માન

પ્રમુખશ્રી નારાયણભાઈ દેસાઈના સૂચન અને કાર્યવાહક સમિતિના નિર્ણય મુજબ તા. ૪-૧-૦૯ના રોજ પત્રકારત્વ અને નાટ્યપ્રવૃત્તિમાં નોંધપાત્ર ફાળો આપનાર ૯૮ વર્ષના શ્રી રતનજી માર્શલનું સાહિત્ય પરિષદ તરફથી ગૌરવ સન્માન કરવામાં આવ્યું. તેમની વય અને શારીરિક મર્યાદાને કારણે તેમને ઘેર જઈ સન્માન કર્યું, જેમાં પૂર્વપ્રમુખશ્રી ધીરુબહેન પટેલે શાલ ઓઢાડી અને પરિષદપ્રમુખશ્રી નારાયણભાઈએ સ્મૃતિચિહ્ન અર્પણ કર્યું. શ્રી રતનજીએ લગભગ ૪૫ મિનિટ સુધી આપેલું વક્તવ્ય – તેમની અનુભૂતિઓ, પારસી સમાજ અને તેમની ઉપલબ્ધિઓ – અત્યંત પ્રેરક રહ્યાં. તેમના સ્વજનોએ આમંત્રિત મહેમાનોનું ભાવભર્યું સ્વાગત કર્યું.

## રવીન્દ્રભવનના ઉપક્રમે

રવીન્દ્રભવનના ઉપક્રમે તા. ૭-૧-૨૦૦૯ બુધવારે સાંજે શ્રી ભોળાભાઈ પટેલે ટાગોરની નવલકથા 'અનુરંગ' વિશે વિશ્લેષણાત્મક પ્રવચન કરતાં તેમાં કેન્દ્રસ્થાને રહેલી નાયિકા રવીન્દ્રનાથની નારી દામિનીના પાત્રને ઉઘાડી આપ્યું. પછી શ્રી નિરંજન ભગતે પૂર્તિ કરતાં નવલકથાનાં અન્ય પાસાંઓ પર પ્રકાશ પાડ્યો.

## 'વાંચે ગુજરાત' પ્રૉજેક્ટ અંગે

નવસારીની સયાજી લાયબ્રેરીએ ગુજરાત સરકારને 'વાંચે ગુજરાત' એવો એક પ્રૉજેક્ટ આપ્યો હતો. સરકાર આર્થિક મદદ કરે અને સમગ્ર પ્રૉજેક્ટ ગુજરાતી સાહિત્ય પરિષદ અને સયાજી લાયબ્રેરી દ્વારા ચાલે. એ અનુસાર તા. ૭-૧-૨૦૦૯ના દિવસે શ્રી નારાયણભાઈની ઉપસ્થિતિમાં બન્ને સંસ્થાના કાર્યવાહકોની એક પ્રાથમિક બેઠક યોજવામાં આવી. પછી આ મોટા અભિયાનની વિસ્તૃત અને વિગતે માહિતી માટે પરિષદભવનમાં રવિવાર તા. ૧૮-૧-૨૦૦૯ના રોજ સહઆયોજકો અને રસ ધરાવનાર સંસ્થાઓ, વ્યક્તિઓની એક સભા યોજાઈ, જેમાં ઘણાં સૂચનો, માર્ગદર્શન મળ્યાં. ફરી એક સમિતિની રચના કરવાનું વિચારવામાં આવ્યું.

## શ્રી જયંતિ એમ. દલાલ ષષ્ટિપૂર્તિ ફાઉન્ડેશન અંતર્ગત

પરિષદઅંતર્ગત શ્રી જયંતિ એમ. દલાલ ષષ્ટિપૂર્તિ ફાઉન્ડેશનના ઉપક્રમે શ્રી ધીરુભાઈ પરીખે તા. ૧૭-૧-૨૦૦૯ શનિવારની સાંજે આ ફાઉન્ડેશનઅંતર્ગત પ્રથમ વ્યાખ્યાન આપ્યું. ફાઉન્ડેશને વ્યક્ત કરેલી ઇચ્છા મુજબ પરદેશનિવાસી ગુજરાતી સર્જકની કૃતિ અને તેનો થયેલો અંગ્રેજી અનુવાદ – એ બન્નેને ધ્યાનમાં રાખી શ્રી જય ગજ્જરની કૃતિ 'પથ્થર થરથર ધ્રૂજે' – અંગ્રેજી અનુ. The Shaddenig Stones – મંજુ વર્મા – ને સમિતિએ પસંદ સિસૃક્ષાને સંકોરતો પરિષદનો કાર્યક્રમ સર્જકસંવાદ તેમજ પ્રતિભા ઠક્કરના લઘુકથાસંગ્રહ 'પઝલનો માણસ'નો લોકાર્પણ સમારોહ સફળતાપૂર્વક યોજાઈ ગયો.



કરી હતી. શ્રી ધીરુભાઈએ નવલકથામાં બનતી ઘટનાઓની વિગતો, બન્ને સંસ્કૃતિઓનો – પાશ્ચાત્ય અને ભારતીય – સમન્વય, શ્રી વિવેક દેસાઈનું કેન્દ્રવર્તી પાત્ર વગેરેની ઝીણવટથી અને વિશદતાથી છણાવટ કરી. અંગ્રેજીમાં થયેલા અનુવાદની પણ વાત કરી, અને દર્શાવ્યું કે દરેક ભાષાની વિશેષતાઓ હોય, જેને બીજી ભાષામાં – અહીં અંગ્રેજીમાં – ઉતારવાનું ક્યાંક મુશ્કેલ બન્યું છે, પણ અનુવાદ મળ્યો છે તેથી ઘણાંઓ સુધી કૃતિ પહોંચી શકશે – અધ્યક્ષસ્થાનેથી શ્રી કુમારપાળ દેસાઈએ શ્રી જય ગજ્જરની કૃતિઓની અને એમનાં વ્યક્તિત્વની વાત કરી. શ્રી પ્રફુલ્લભાઈ રાવલે આભારદર્શન, મનસુખભાઈએ વક્તાનો પરિચય અને શ્રી અનિલા દલાલે આ અનુદાનથી જે પ્રકારનાં પ્રવચનોનો હેતુ જોડાયો છે તેની વિગત આપી. શ્રી જયંતિ એમ. દલાલે શુભેચ્છા પાઠવી હતી. શ્રી જય ગજ્જરે પોતાનો આનંદ વ્યક્ત કર્યો હતો.

## શ્રી ફકીરભાઈ વાઘેલા સાથે સ્નેહમિલન

ગુજરાત સાહિત્ય અકાદમીના પુરસ્કારોનો અર્પણવિધિ પરિષદના રા. વિ. પાઠક સભાગૃહમાં તા. ૨૧-૧-૦૯ની સાંજે યોજાયેલો, ત્યારે મુખ્ય મહેમાન તરીકે આવેલા યુવક સેવા અને સાંસ્કૃતિ પ્રવૃત્તિના પ્રધાન શ્રી ફકીરભાઈ વાઘેલાનું પરિષદ વતી ટ્રસ્ટી શ્રી રઘુવીરભાઈ અને કોષાધ્યક્ષ શ્રી રાજેન્દ્રભાઈ તેમજ અન્ય સભ્યોએ સ્વાગત કર્યું હતું. અને પરિષદની પ્રવૃત્તિઓની, પરિષદ ભવનની જાણકારી આપી હતી. નાનકડું સ્નેહમિલન એ રીતે યોજાઈ ગયું.

## બાળસાહિત્યલેખનની પ્રક્રિયાની કાર્યશાળા

પરિષદઅંતર્ગત એની સરૈયા લેખિકા પ્રોત્સાહન નિધિની બાળસાહિત્યલેખનની પ્રક્રિયાની કાર્યશાળા તા. ૧૯-૧-૦૯ના રોજ શ્રી ધીરુબહેન પટેલની હાજરીમાં યોજાઈ. શ્રી ધીરુબહેને સૌને માર્ગદર્શન આપી વધુ સારું લખાણ કરવા તરફ સૂચન કર્યું. ગુજરાતમાં સમગ્રપણે આવી કાર્યશાળાઓ યોજાય એવી ભાવના તેમણે વ્યક્ત કરી અને પછી એ લખાણોમાંથી પસંદ થયેલી કૃતિઓની લેખિકાઓ સર્વેનું એક મિલન એક સ્થળે યોજાય એવી અભિલાષા દર્શાવી.

## સર્જક સાથે સંવાદ અંતર્ગત...

'સર્જક સાથે સંવાદ' અંતર્ગત પરિષદમાં ચાલતી પ્રવૃત્તિઓમાં અંતર્ગત તા. ૨૦-૧-૦૯ના રોજ 'વાર્તાઓમાં ભાષાશુદ્ધિ' એ વિશે શ્રી રતિલાલ બોરીસાગરે ઉદાહરણો સહિત માર્ગદર્શન આપ્યું. ભાષાની શુદ્ધિ એ લેખનકળામાં પાયાની બાબત છે અને એ પ્રત્યેની કાળજી અનિવાર્ય છે તેમ તેમણે જણાવ્યું.

## ભાવનગર ગદ્યસભા અને ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ સંચાલિત ....સર્જક સંવાદ.... ભાવનગર

## ભાવનગરમાં સુપેરે સંપન્ન થયેલ સર્જકસંવાદ સમારોહ

સર્જક સંવાદ, ભાવનગર ગદ્યસભા અને ગુજરાતી લેખક મંડળના સંયુક્ત ઉપક્રમે તા. ૨૮-૧૨-૦૮ ને રવિવારે ભાવનગરમાં બી. એમ. કૉમર્સ સ્કૂલ ખાતે નવોદિત સર્જકોની

સર્જક સંવાદના આ કાર્યક્રમમાં શહેરના ચાલીસેક નવોદિત સર્જકોએ ભાગ લીધો હતો. જેમાં ગંભીરસિંહ ગોહિલ, ગુણવંત ઉપાધ્યાય, મનીષી જાની, માય ડિયર જયુ, નીતિન ત્રિવેદી, શ્રી વિનોદ જોષી વગેરેએ પ્રોત્સાહક હાજરી આપી હતી. પરિષદપ્રેરિત અને આયોજિત આ કાર્યક્રમમાં શ્રી બી. એમ. શાહ એજ્યુકેશન સોસાયટી સંકુલ ઉપરાંત ભાવનગર ગદ્યસભા, બુધસભા, ભાષાસાહિત્યભવન તથા ગઝલ વિદ્યાપીઠ જેવી સ્થાનિક સાહિત્યસંસ્થાઓનો સક્રિય સહયોગ સાંપડ્યો હતો. જેમાં પરેશ કળસરિયાએ પોતાની રચનાઓની રજૂઆત કરી હતી અને પોતાની અલગ શૈલીમાં 'સ્ટેજ પોએટ્રી' અને 'પેઇઝ પોએટ્રી'ની વિભાવનાઓ પણ સમજાવી હતી. તો ડૉ. ફિરદૌસ દેખૈયાએ નમૂનારૂપ તરન્નુમ રજૂ કરી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. અન્ય સર્જકોએ પણ પોતાની કૃતિઓ રજૂ કરી હતી. અંતમાં તજ્જ્ઞ શ્રી માય ડિયર જયુએ આ પ્રકારના સંવાદોને જીવંત રાખવા તેમજ નીતિન ત્રિવેદીએ સર્જકોની વિકાસરેખાને એકસૂત્રતામાં આગળ વધારવા પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું. સર્જક સંવાદનું સંચાલન અજય ઓઝાએ કર્યું હતું અને રમેશ પુરબીયાએ ઉપસ્થિત સૌનો આભાર માન્યો હતો.

ત્યારબાદ ઍડવૉકેટ પ્રતિભા ઠક્કર લિખિત લઘુકથાસંગ્રહ 'પઝલનો માણસ'નો લોકાર્પણ સમારોહ યોજાયો હતો. જેમાં પ્રમુખસ્થાને શ્રી મનીષી જાની ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વિશેષ અતિથિવક્તા તરીકે પ્રખ્યાત સર્જકો એવા ડૉ. શરદ ઠાકર અને કાજલ ઓઝા વૈદ્ય ઉપસ્થિત રહ્યાં હતાં.

**અજય ઓઝા**

## આગામી કાર્યક્રમો

કાકાસાહેબ કાલેલકર વ્યાખ્યાનશ્રેણીનું પ્રથમ વ્યાખ્યાન શ્રી અભય બંગ તા. ૨૮-૨-૦૯ સાંજે ૭ વાગે પરિષદભવનમાં 'મહાત્મા સે મુલાકાત' વિશે આપશે.

❐